**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૯/૦૧/૨૦૧૬ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી ૧૩૪ લીટર દેશી દારૂ અને ૧૦ ઈંગ્લીશ ક્વાર્ટર દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૫/૧૬**

**મેઘાણીનગરઃ** ભારતી ઉર્ફે પ્રિયાબહેન રમેશભાઈ ઠાકોર (ઉ.વ.૧૭) (રહે,રત્ના પોપટની ચાલી કલાપીનગર મેધાનીનગર) ને તા.૨૫/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી વિજય રામચંદ્ર શાલુકે (રહે.કલાપીનગર છનાજીની ચાલી મેધાનીનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ભરતીબહેન ઉર્ફે પ્રિયાબહેનની માતા લીલાબહેન ઠાકોરે તા.૨૮/૧/૧૬ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એ ભગોરા ચલાવે છે.

**પોલીસની ઓળખ આપી છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૬/૧૬**

**ઘાટલોડીયાઃ** ડાયીબહેન વેલજીભાઇ મોદી (ઉ.વ.૫૬) (રહે. શ્યામનગર કો.ઓ.સોસાયટી,વિશ્રામનગર બસ સ્ટેન્ડની બાજુમાં, ગુરૂકુળ રોડ) તા.૨૨/૧/૧૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે મેમનગર તિર્થનગર વિભાગ-૨ના ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા કલરની મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી જણાવેલ કે અમો પોલીસવાળા છીએ અને આગળ ચોરી થઇ છે જેથી તમારી પાસેના દાગીના કાઢીને પાકીટમાં મુકી દો તેમ જણાવી ડાયીબહેને વિશ્વાસમાં લઈ પેહરેલ સોનાની બંગડી કિમત રૂપિયા ૪૫,૦૦૦/- અને સોનાની મગમાળા કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- મત્તાની કઢાવી પાકીટમાં મુકેલાનો ડોળ કરી મેળવી લઇ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એલ પાટીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૭/૧૬**

**નવરંગપુરાઃ** પુનિત તીરથભાઈ ભીમાણી (રહે.અભિયાન એપાર્ટમેન્ટ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની બાજુમાં નારણપુરા) એ તા.૨૮/૧/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૫ નારોજ થી તા.૪/૯/૧૫ ના સમયગાળા દરમ્યાન આરોપી શૈલેશકુમાર રમણલાલ સોની (રહે. અપુર્વ બંગલોઝ ઉત્સવ પાર્ટી પ્લોટની પાછળ સોલા રોડ) એ પુનિત ભીમાણી પાસેથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૪,૭૬,૫૭૦/- ઉછીના લઈ જઈ પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો તેમજ દાગીનાની માંગણી કરતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ માલીવાડ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૮/૧૬**

**ગોમતીપુરઃ** અજીતકુમાર લક્ષ્મીચંદ જૈન (રહે.માનવ પુરૂષાર્થ સોસાયટી હીરાભાઈ ટાવર સામે ઉત્તમનગર રોડ મણીનગર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૧/૧૬ રાતના ૯/00 થી તા.૨૮/૧/૧૬ સવારના ૮/30 વાગ્યા દરમ્યાન ગોમતીપુર પટેલ મીલ બસ સ્ટેન્ડ સામે રેડીયો રેડીંગ કંપની નામની પોતાની દુકાનના સ્તર ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી એલ.ઈ.ડી.ટી.વી. નંગ-૫ કિમત રૂપિયા ૪૨,૫૦૦/- અને રોકડ રૂપિયા ૭૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ એમ રાઠવા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૯/૧૬**

**વસ્ત્રાપુરઃ** મમતા હિતેશભાઇ મારવાડી (રહે. ઠાકોર ગોવાજીની ચાલી વસ્ત્રાપુર ગામ) એ કોઈ કારણસર તા-૨૮/૧/૧૬ કલાક ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના પિયરમાં પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી જતા સારવાર માટે વી.એસ.હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ કલાક ૧૧/૧૦ વાગે મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સરફરાજખાન ગુલાબખાન ચલાવે છે.

**દાણીલીમડાઃ** યાસીનભાઈ રહીમભાઈ શેખ (ઉ.વ.૩૫)(રહે.રૂક્ષાર એપાર્ટમેન્ટ નવાબની ચાલી શાહઆલમ દાણીલીમડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૮/૧/૧૬ સાંજના ૬/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિપુલભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)